દાખલ તારીખ : ૨૯/૦૪/૧૯૯૭
રજુ તારીખ : ૨૯/૦૪/૧૯૯૭
ફેંસલ તારીખ : ૧૮/૦૪/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ

---

**અમદાવાદ સીટીના ૪૦ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

---

**ક્રિમી. કેસ નં.૭૮૫/૨૦૦૭**

**આંક : ૨૩**

---

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : જગદીશભાઇ નાનુભાઇ કાવઠીયા**
રહે.મેમનગર ગામ, બસ સ્ટેન્ડ પાસે, સેટેલાઇટ, અમદાવાદ.

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી કે.પી.પાઠક**
**આરોપી તરફે વિ. વ.શ્રી જે.જે.કાવીઠીયા**

---

**આરોપ : બી.પી.એકટની કલમ–૧૪૫(૨) મુજબ.**

**–: <u>ચુ કા દો :–</u>**

(૧) આ કામના ફરિયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપી નરોડા પોલીસ સ્ટેશનમાં અ.પો.કોન્સ. તરીકે નોકરી કરતા હોય જેઓ તા.૧૦/૦૫/૯૬ ના રોજથી કોઇપણ જાતની રજા લીધા સિવાય કે જાણ કર્યા વગર પોતાની ફરજ પરથી ગેરહાજર રહી તેમજ તેઓને નોટીસો આપી ફરજ પર હાજર થવા જાણ કરવા છતાં ફરજ ઉપર હાજર ન થઇ તેમજ તે અંગે કોઇપણ જાતનો રીપોર્ટ મોકલવાની દરકાર ન રાખી બી.પી.

એકટની કલમ – ૧૪૫ મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) હાલના બનાવ અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ નરોડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૨૭૯/૧૯૯૬ થી દાખલ કરેલ છે જેની તપાસ તપાસ કરનાર અમલદારે પુર્ણ કરી તપાસના અંતે આરોપી વિરુઘ્ધ બી.પી.એકટની કલમ–૧૪૫(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીને ધોરણોસર સમન્સ બજતા આરોપી તેઓના વિ.વકીલશ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા આરોપીને ક્રિ.પ્રો. કોડ ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ મારા પુરોગામી ન્યાયાધીશ ઘ્વારા આંક–૦૨ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે

(૪) હવે આ કામના ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મંજુરહુસેન અનવરમીયા ખોખરની જુબાની | ૫ |
| ૨ | સાહેદ જગદીશભાઇ નારાયણભાઇની જુબાની | ૧૩ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | નોટીસો | ૬, ૭ |
| ૨ | રીપોર્ટ | ૮ |
| ૩ | અ.ના. પો.કો. જગદીશભાઇની ગે.હા. પડવા બાબતનો નરોડા પો.સ્ટે.ને કરેલ રીપોર્ટ | ૯ |
| ૪ | પો.ઇન્સ.શ્રી નરોડાએ પો.ઇન્સ.શ્રી ઉઘોગનગર ચોકીને કરેલ રીપોર્ટ | ૧૦ |
| ૫ | ફરીયાદની નકલ | ૧૧ |
| ૬ | મેડીકલ સર્ટીફીકેટ | ૨૧,૨૨ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ પુરાવો પુર્ણ થયેલ હોવાનું મૌખિકમાં જાહેર કરેલ છે.

(૫) ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં સદર કેસમાં આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓએ નોકરીમા ગેરહાજર દરમ્યાન રજુ કરેલ મેડીકલ સર્ટીફીકેટની નકલ રજુ કરવા માંગે છે તેમ જણાવેલ છે. અને આંક–૨૧ અને ૨૨ થી રજુ રાખેલ છે.

(૬) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.પી. પાઠકનાઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે આરોપી સરકારી કર્મચારી છે અને તેમની સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરવા રજુઆત કરેલ છે.

જયારે આરોપી તરફે વિ.વકીલશ્રી જે.જે.કાવીઠીયાનાઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપીને નોટીસ બજેલ નથી આરોપી કયારથી કયાં સુધી ગેરહાજર હતા તેનું રેકર્ડ નથી તેમજ આંક–૦૫ થી તપાસવામાં આવેલ સાહેદે પોતાની ઉલટતપાસમાં મેડીકલ સર્ટીફીકેટ રેકર્ડ ઉપર લીધું નથી તેવું સ્વીકારેલ છે, તેમજ આરોપીએ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે. તે ઉપરાંત ત.ક.અમલદાર/ફરીયાદીએ બીનપગારી રજાનું રેકર્ડ રજુ કરેલ નથી કે હાજરી કે ગેરહાજરીનો ઉતારો રજુ કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) આ કામે રેકર્ડ ઉપરની હકીકત તથા રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપી સામેના કેસનો નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧.** | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નરોડા પોલીસ સ્ટેશનમાં અ.પો.કોન્સ. તરીકે નોકરી કરતા હોય જેઓ તા.૧૦/૦૫/૯૬ ના રોજથી કોઇપણ જાત ની રજા લીધા સિવાય કે જાણ કર્યા વગર પોતાની ફરજ પરથી |

| | |
|---|---|
| | ગેરહાજર રહી તેમજ તેઓને નોટીસો આપી ફરજ પર હાજર થવા જાણ કરવા છતાં ફરજ ઉપર હાજર ન થઇ તેમજ તે અંગે કોઇપણ જાતનો રીપોર્ટ મોકલવાની દરકાર ન રાખી બી.પી. એકટની કલમ – ૧૪૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| **મુદ્દા નં.ર.** | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧. નકારમાં

મુદ્દા નં.ર. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નંબર ૧.**

**ફરિયાદપક્ષનો પુરાવો :**

(૯) હવે આ કામે ફરીયાદપક્ષે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે આંક–૦૫ થી ફરીયાદી મંજુરહુસેન અનવરમીયા ખોખરનાઓને સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૧૬/૧ર/૧૯૯૬ ના રોજ તેઓ નરોડા પો.સ્ટેશનની ઉધોગનગર ચોકીમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન નરોડા પો.સ્ટે.ના પી.આઇ. શ્રી એસ.વી. ટહેલરામાણી સાહેબનાઓએ તેઓને લેખીત હુકમ કરી આદેશ કરેલો કે, પો.કો. જગદીશભાઇ નાનુભાઇ કાવડીયાનાઓ તા.૧૦/૦૫/૧૯૯૬ થી સતત ગેરહાજર રહેતા હોઇ તેમના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા અને ફરીયાદ દાખલ કરી આગળની કાર્યવાહી કરવા કહેતા તેઓએ શ્રી સરકાર તરફે મજકુર પો.કો. જગદીશભાઇ નાનુભાઇ કાવડીયા વિરુધ્ધ નરોડા પો.સ્ટે. સે.ગુ.ર.નં.ર૭૯/ ૧૯૯૬, તા.૧૬/૧ર/ ૧૯૯૬, બી.પી.એકટ કલમ–૧૪૫(ર) મુજબની ફરીયાદ દાખલ કરાવેલ જે ફરીયાદમાં જણાવ્યા મુજબ આ કામના આરોપીને પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રી ટહેલરામાણી સાહેબે તા.ર૬/૦૭/૧૯૯૬ ના રોજ જા. નં. ર૩૧૬/૧૯૯૬ તથા

તા.૮/૭/૧૯૯૬ ના રોજ જા. નં. ૧૯૦૩/૧૯૯૬ થી નોટીસ આપી હાજર રહેવા માટે જણાવેલ જે નોટીસ તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી છે જે બંને નોટીસો આંક–૦૬ અને ૭ થી રજુ છે તે ઉપરાંત સદર કામે ડી.સી.પી. ઝોન–૦૪ તરફથી સદર કામે મજકુર આરોપી વિરુધ્ધ થતી યોગ્ય કાર્યવાહી કરવા મંજુરી હુકમ મેળવેલ હતી જે હુકમમાં ડી.સી.પી.શ્રી ઝોન–૪ નાઓએ પી.આઇ. નરોડા ને સદર હું આરોપી ફરજ ઉપર હાજર થતા ન હોઇ બી.પી. એકટની કલમ–૧૪૫(૨) મુજબ કાર્યવાહી કરવા સારુ મંજુરી આપેલ જેમાં નાયબ પો.અધિક્ષક ઝોન–૪ તીર્થરાજ સાહેબની સહી જણાય છે જે મંજુરી તા.૦૪/૧૧/૧૯૯૬ ના રોજ આપવામાં આવેલ જે આંક–૦૮ થી રજુ છે તેમજ તેઓએ પી.આઇ. નરોડાને સદરહું આરોપી જગદીશભાઇ કાવડીયાને તા.૧૦/૦૫/૧૯૯૬ ના રોજ ફરજ પર આવેલ નથી તેમની ગેરહાજરી બાબતે તેઓએ રીપોર્ટ કરેલ તે રીપોર્ટમાં તેઓની સહી છે જે રીપોર્ટ આંક–૦૯ થી રજુ છે, પી.આઇ. ટહેલરામાણી નાઓએ તા.૦૬/૧૧/૧૯૯૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશનના જા. નં. ૩૦૦૨/૧૯૯૬ થી સદરહું આરોપી વિરુધ્ધ વારંવાર નોટીસ બજાવવા છતાં ગેરહાજર રહેલ હોઇ તેમના સામે બી.પી.એકટ–૧૪૫(૨) મુજબ કાર્યવાહી કરવા તેઓને લેખીતમાં જણાવેલ તેમાં પી.આઇ.શ્રીની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૧૦ થી રજુ છે તેમજ તેની સાથે બીડાણમાં નોટીસો તેમજ ડી.સી.પી.ઝોન–૪ નો મંજુરી હુકમ મોકલી આપેલ આમ,સદરહું જગદીશભાઇ ફરજ પર હાજર રહેલ ન હોય બી.પી.એકટની કલમ–૧૪૫(૨) મુજબ સરકાર તરફે તેઓએ ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક–૧૧ થી રજુ છે અને સદર ગુનો નરોડા પો.સ્ટે. સે.ગુ.ર. નં.૨૭૯/૧૯૯૬, બી.પી.એકટ – ૧૪૫(૨) મુજબ દાખલ થઇ આગળની તપાસ તેઓને મળતા તેઓએ આ કામે આનંદપુરી કોદરપુરી તથા નટવરસીંહ નવલસીંહનાઓનું નિવેદન લીધેલ અને આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ ત્યારબાદ તા.૦૭/૦૨/૧૯૯૭ ના રોજ નામદાર કોર્ટમાં પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરેલ તેવી હકીકત જણાવેલ છે.

જયારે સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકૃત હકીકતો ધ્યાને લેતાં તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, જગદીશભાઇ પોતાની ફરજ પર કેટલા દિવસ ગેરહાજર રહેલા તે

તેઓ હાલમાં જણાવી શકે નહી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ નોટીસો કોના ધવારા અને કયાં બજાવવામાં આવેલ તે તેઓ હાલમાં કહી શકે નહી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, **આરોપીએ બીન પગારી રજા મેળવેલ છે કે કેમ તે અંગેનું કોઈ રેકર્ડ રજુ કરેલ નથી.** એ વાત ખરી હોવાનું જણાવે છે કે, **આરોપીની હાજરી કે ગેરહાજરી અંગેનો કોઇ ઉતારો તેઓએ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી.**

**(૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ જગદીશભાઈ નારાયણભાઈના ઓએ આંક –૧૩ થી સોગંદ ઉપર તપાસેલ છે જેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ હાલમાં નરોડા પોલીસ સ્ટેશનમાં બે વર્ષથી એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે અને તેઓ નામદાર કોર્ટના રેકર્ડ આધારે જુબાની આપે છે કે, તા. ૧૬/૧૨/૧૯૯૬ ના રોજ નરોડા પો.સ્ટે.ના પી.આઈ.શ્રી એસ.વી.ટહેલરામાણીના હુકમ મુજબ એમ.એ.ખોખરનાઓએ આરોપી જગદીશનાનું કાવડીયા સતત ગેરહાજર રહેતા હોઈ તેમના વિરુધ્ધ નરોડા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૨૭૯/૧૯૯૬ થી બી.પી.એકટ–૧૪૫ અન્વયે ફરીયાદ દાખલ કરેલી અને આ કામે સાહેદ આનંદપુરી કોદરપુરી તથા સાહેદ નટવરસીંહ નવલસીંહનાઓને તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ સમન્સ કરતા તેઓ બંને મરણ ગયેલા છે તે મતલબના શેરા સાથે પરત આવેલા છે જે મરણના સર્ટીફીકેટ આંક–૧૪, ૧૫ થી રજુ છે તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ એસ.વી.ટહેલરામાણીને વોરંટ કાઢતા તેઓ પી.એસ.આઈ. નું રેકર્ડમાં નામ ન હોવાથી બજવણી થયેલ નથી તે શેરા સાથે વોરંટ તેમજ સોગંદનામું પી.આઈ. નરોડાનું આંક–૧૮ થી રજુ છે તેમજ તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ પી.આઈ. નરોડાનાઓએ તા.૧૨/૦૮/૨૫ ના રોજનું **સાહેદ અધિકારીનું રેકર્ડ મળી આવતું નથી તે મતલબનું સોગંદનામું આંક–૧૯, ૨૦ થી રજુ છે અને પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ તેવી હકીકત જણાવેલ છે.**

## પુરાવાઓનું મુલ્યાંકન અને તારણ :

**(૧૧)** આમ, ઉપરોકત સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આંક–૦૫ થી તપાસવામાં આવેલ ફરીયાદીએ પોતાની

જુબાનીમાં આરોપી જગદીશભાઇ સતત ગેરહાજર રહેતા હોઇ તેઓએ ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તેઓએ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, **જગદીશભાઇ પોતાની ફરજ પર કેટલા દિવસ ગેરહાજર રહેલા તે તેઓ હાલમાં જણાવી શકે નહી.** વધુમાં **તેઓએ આરોપીએ બીનપગારી રજા મેળવેલ છે કે કેમ તે અંગેનું કોઇ રેકર્ડ પણ રજુ કરેલ નથી.**

જયારે આંક–૧૩ થી તપાસવામાં આવેલ સાહેદ કે જેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની ફરજના ભાગરુપે જુબાની આપેલ હોવાનું જણાઇ આવેલ છે. વધુમાં, આ કામે અન્ય સાહેદને તેમના જણાવેલ સરનામે આંક–૧૪ અને ૧૫ થી સમન્સ/વોરંટ કરવામાં આવેલ છે જેમાં જણાવ્યા મુજબ તેઓ મરણ ગયેલ છે તેવા મરણ સર્ટીફીકેટ સાથે સમન્સ/વોરંટ પરત આવેલ હોય તેઓને તપાસી શકાયેલ નથી. તેમજ હાલનો કેસ ૧૮ વર્ષ જુનો હોય અને સાહેદ મરણ ગયેલ હોય તપાસી શકાયેલ નથી. જો આરોપીને તકસીરવાન ઠરાવવામા આવે તો આરોપીનો બચાવ પ્રેજયુડાયશ થશે. આ કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ મુદૃા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદૃા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

**(૧)** આ કામના આરોપી જગદીશભાઇ નાનુભાઇ કાવઠીયા, રહે. મેમનગર ગામ, બસ સ્ટેન્ડ પાસે, સેટેલાઇટ, અમદાવાદનાઓને ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ–ર૫૫(૧) હેઠળ બી.પી.એકટની કલમ–૧૪૫ મુજબના ગુન્હા અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** સદર ચુકાદા વિરુધ્ધ અપીલ થાય તો નામદાર એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે રુા.૫૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા વિકલ્પે અગાઉ રહેલ જામીનદારની પુરસીસ રજુ રાખવી.

હુકમ આજ તા. ૧૮ મી એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૮/૦૪/૨૦૨૬**
**અમદાવાદ.**

**(નિરવ નરેન્દ્રભાઈ રાવલ)**
**૪૦ માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં.૧૮, અમદાવાદ શહેર**
**(GJ01257)**